ગાંધીનગર સમાચાર

@ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે ટાઉનહોલ, સેકટર-૧૭ ખાતે સિદ્ધાર્થ રાંદેરિયા દિગ્દર્શિત 'ગુજજુભાઈ બન્યા દબંગ' નાટક પ્રસ્તુત કરાશે.

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક ગુરૂવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજો માળ, સે-૨૨ ખાતે મળશે.

● સે-૨૨ કલ્પના અને રચના સોસાયટીના બગીચા ખાતે બપોરે ૩.૦૦ કલાકે મુકુંદભાઈ મહારાજની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત સત્સંગ પારાયણ યોજાશે.

● કચ્છ કાઠીયાવાડ રાજપુત સેવા સમાજ દ્વારા સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન તેમજ સાંજે ૩.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન સે-૧૭ના સમાજના કાર્યાલય ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે માર્ગદર્શન શિબિર યોજાશે.

- નજાહખાનમ સૈયદ

ચૂંટણી બાદ દારૂની રેલમછેલ

ગાંધીનગર તા.૨

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે પરંતુ રાજયના પાટનગરમાં જ અસામાજીક તત્વો ખુલ્લેઆમ ચુંટણીમાં દારુની મહેફીલ માણી દારુની બોટલો માર્ગ વચ્ચે મુકી પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. શહેરના ગ-૧ થી ઘ-૧ તરફ જવાના માર્ગ પર રોડ પર રાત્રીના સમયે દારુડીયાઓએ રોડ પર મહેફીલ માણી બાટલી માર્ગ વચાળે મુકી ટીખળ કરી હતી. શિયાળાની સવારે મોંનીગવોકમાં નિકળતા નગરજનો પણ આ દ્રશ્ય જોંઈ ચોકી ઉઠ્યા હતા. શહેરમાં અચાનક દારુના કવાટરની બાટલીઓ દેખાતા ચુંટણીનો દારુ નગરમાં જોવા મળ્યો તેવું સ્થાનિક રહિશોમાં ચર્ચાઈ રહ્યું હતું.

રાજયભરમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો માહોલ સર્જાયો હતો. તાજેતરમાં યોજાયેલી ચુંટણીમાં મતદારોને મનાવવા ઉમેદવારો તમામ સગવડો પુરી પાડતા હોય છે. ચુંટણીમાં મતદારો ચવાણાનો માહોલ સર્જાય છે. રાજયબરમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી હોવાથી પોલીસે દારુની હેરફેરના થાય તે હેતુથી ચેંકીગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં પોલીસને મોટી સફળતાઓ પણ મળી હતી અને ચુંટણીનો દારુ પકડયો હતો. રાજયને અડીને આવેલા પડોશી રાજયોમાંથી મોટીસંખ્યામાં દારુ ઘુસાડવામાં આવે છે. ત્યારે ચુંટણીમાં આપવામાં આવતી દારુની નાની બોટલો શહેરમાં દેખા દીધી છે. નગરના ગ-૧ થી ઘ-૧ તરફ જવાના માર્ગ પર સવારે રોડ પર દારુની બાટલી જોવા મળી હતી. અસામાજીક તત્વોએ રાત્રીના સમયે મહેફીલ માણી તંત્રની ટીખળ કરી હોય તેમ રોડ પર હતી. સવારે મોનીંગવોકમાં ચાલતા જતા નગરજનો પણ આ દ્રશ્ય જોઈ ચોંકી ઉઠ્યા હતા. તો કેટલાંક ચુંટણીનો દારુ શહેરમાં પણ જોવા મળ્યો ખરો તેવુ કહેતા પસાર થતા હતા. જયારે આ વિસ્તારમાં રાત દારુડીયાઓ માટે હોટ ફેવરીટ હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

શહેરમાં વાનરોથી નગરજનો ઘણા હેરાન પરેશાન છે. સે-૬-બી ખાતે લાઈટના થાંભલાને નુકશાન કરે આજે લગભગ દોઢ મહીનો થવા આવ્યો છે. લેખિત ફરિયાદો અને મૌખિક રજુઆત બાદ પણ વીજકંપની આ બાબતે ઉદાસીનતા સેવી રહી છે તેવું સ્થાનિકોનું માનવું છે. વાનર તો તેનું કામ કરી જતા રહ્યા, હવે...?

(તસવીર : કશ્યપ નિમાવત)

આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઉર્જા વિભાગ સામે માર્ગ મકાન વિભાગનો વિજય

ગાંધીનગર, તા.૨

આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટની સ્પર્ધા બુધવારે સે-૨૧ જીમખાના ક્રિકેટના મેદાન ખાતે માર્ગ અને મકાન વિભાગ અને ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની ટીમ વચ્ચે રમાઈ હતી. ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ લેતા ૨૦-૨૦ ઓવરની મેચમાં ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૧૮ રન કર્યા હતા જેમાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની ટીમની બેટીંગમાં મિત્તલ ચૌધરીના ૫૧ રન મુખ્ય હતાં.

માર્ગ અને મકાન વિભાગે ૧૯.૧ ઓવરમાં ૬ વિકેટે ૧૨૧ રન કરતા ૪ વિકેટે ભવ્ય વિજય મળેલ છે. જેમાં માર્ગ અને મકાન વિભાગની બેટીંગમાં, ઈમ્તીયાઝ તિરમીજી-૩૫ રન અને સંજય વંકાણી ૩૭ રન નોટઆઉટ મુખ્ય હતા. અને ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની બોલીંગમાં મુકેશે ૪ ઓવરમાં ૧૫ રન આપી ૨ વિકેટ મેળવેલ હતી.

માર્ગ અને મકાન વિભાગની ટીમનો ૪ વિકેટે ભવ્ય વિજય થયો છે. મેચમાં ઓલરાઉન્ડ દેખાવ બદલ સંજય વંકાણીએ ૧ વિકેટ અને ૩૭ રન કરતા મેન ઓફ ધ મેચ જાહેર થયા હતા.

નિવૃત્ત કર્મચારીના હક્કના નાણા ચુકવવામાં પેન્શન કચેરીના ગલ્લાં-તલ્લાં

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખામાંથી તા. ૩૦મી નવેમ્બર ૨૦૧૩ના રોજ સિનીયર કલાર્કના હોદ્દા પરથી વય નિવૃત્ત થયેલા જે.એન. ચૌહાણને પંચાયત વિભાગનું પ્રમાણપત્ર મેળવી લીધું હોવા છતાં પેન્શનમાંથી કાપવામાંઆવેલ રકમ પેન્શન કચેરી દ્વારા ચુકવાતી નથી. જે.એન. ચૌહાણના નિવૃત્તિ સમયે ખાતાકીય પરીક્ષા લેવાઈ ના હોવથી તેઓ પરીક્ષા આપી શકયા નહોતા પરંતુ નિયમ મુજબ જે કર્મચારીઓની પરીક્ષા ના લેવાઈ હોય તેમણે નવા સચિવાલય ખાતે પંચાયત વિભાગનું પ્રમાણપત્ર મેળવી લેવાનું હોય છે જે તેમણે તા. ૨૭મી ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ મેળવી લીધું હોવા છતાં તફાવતની રકમરૂ. ૪૪૬૫૦ તેમને આજ દિન સુધી ચુકવાઈ નથી.

નિવૃત્તિ સમયે ખાતાકીય પરીક્ષા ના લેવાતી હોવાથી નિયમ મુજબ કર્મચારીએ ખાતાકીય પ્રમાણપત્ર મેળવી લીધું હોવા છતાં નવ માસથી ગ્રેડ તફાવતના નાણાં ચુકવાતા નથી

જિલ્લા પંચાયતની આરોગ્ય શાખામાં કાર્યરત સિનીયર કલાર્ક જે.એન. ચૌહાણ તેમને સરકારી તંત્રની લાલિયાવાડીનો કડવો અનુભવ થવા પામ્યો છે. તંત્રની લાલિયાવાડીના કારણે તેમને રૂ.૪૪૬૫૦ પેન્શનમાંથી થયેલ મળવાપાત્ર કપાત હજુ સુધી ચુકવાઈ નથી. તા. ૩૦મી નવેમ્બર ૨૦૧૩ના રોજ વયનિવૃત્ત થયેલ સિનીયર કલાર્કને તે સમયે તંત્ર દ્વારા ખાતાકીય પરીક્ષા ના લેવાઈ હોવાથી પરીક્ષા આપવામાંથી વંચિત રહેવું પડયું હતું. પરીક્ષા આપી ના હોય તેવા કર્મચારીઓ માટે પંચાયત વિભાગના પ્રમાણપત્રનો વિકલ્પ હતો તે મુજબ તેમણે માંગણી કરી હતી. જેના સંદર્ભમાં તા. ૨૭મી ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ તેમને પ્રમાણપત્ર મળી ગયું છે. પ્રમાણપત્ર મળતા તેઓ નિવૃત્તિથી લઈને પ્રમાણપત્ર મળ્યા સુધીમાં ગ્રેડ તફાવતના કપાત થયેલા રૂ. ૪૪૬૫૦ મેળવવા હકકદાર બને છે જે માટે તેમણે તુરંત જ પેન્શન કચેરીમાં માંગ કરી હતી. જો કે આ નાણાં પેન્શન કચેરીએ પીએલએ ઓફ ડીડીઓ ગાંધીનગરના બદલે કચેરીના ખાતે જ જમા લીધા હોવા છતાં આ રકમ પરત ચુકવાતી નથી. આમ નિવૃત્ત કર્મચારીને પોતાના પેન્શનના હક્કના બાકી નીકળતા નાણા લેવા પેન્શનર કચેરી સમક્ષ રાવ નાંખી છે.

વાતવાતમાં

● ચુંટણીના પરિણામોએ દિવસભર નગરજનોમાં ભારે ઉત્સુકતા જન્માવી હતી. સે-૧૧માં વિજય શોપીંગ સેન્ટર સામે કોંગ્રેસના કાર્યકરો દ્વારા ટીવી પ્રોજેકટર દ્વારા પરિણામોનું લાઈવ પ્રસારણ ગોઠવાયું હતું જેને જોવા ઉમટેલા ટોળાને ગાંઠીયા મૂળાનો નાસ્તો પણ કરાવાયો હતો.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં કોંગ્રેસને મળેલી સફળતાથી કોંગ્રેસી કાર્યકરો ગેલમાં આવી ગયા હતા અને ઠેર ઠેર ફટાકડા ફોડી વિજય સરઘસો કાઢી પોતાનો ઉત્સાહ વ્યકત કર્યો હતો. બીજી તરફ ભાજપની છાવણીમાં સોંપો પડી જવા પામ્યો હતો.

● રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની મુલાકાતના પગલે અમદાવાદ-ગાંધીનગર વચ્ચેના તમામ માર્ગો કરાયેલ સફાઈ અને રંગરોગાનથી ચમકી રહ્યાં છે. રાષ્ટ્રપતિ તો આવીને જતા રહ્યા પરંતુ સુઘડ પાસે નર્મદા કેનાલના બ્રીજ પર લગાડવામાં આવેલ નવી સેફટી ગ્રીલને કલર કરવાનું કામ ચાલુ જ છે.

● ગાંધીનગર સમાચારના કટાર લેખિકા રેખાબેન ભટ્ટ તથા બિપીનભાઈ ભટ્ટની લાડકી પુત્રીના ગુરૂવારે શુભ લગ્ન છે. પુત્રીના લગ્નની પૂર્વ સંધ્યાએ રેખાબેન દ્વારા લિખિત પુસ્તક 'પારિજાત'નું વિમોચન યોજાયું હતું.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

સમસ્ત ખડાયતા સમાજના કારોબારી સભ્યોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૨

સમસ્ત ખડાયતા સમાજ દ્વારા કોટીયર્ક ઉત્સવ નિમિત્તે વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માટે નવા કારોબારી સભ્યોની વરણી કરાઈ હતી. જેમાં નવા કારોબારી સભ્યોમાં પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ શાહ, ઉપપ્રમુખ માટે રજનીભાઈ શાહ અને રાજુભાઈ

મહેતા, મંત્રી તરીકે ભુપેન્દ્રભાઈ શાહ, સહમંત્રી તરીકે કીર્તિકુમાર શાહ, સંગઠન મંત્રી તરીકે મનીષભાઈ શાહ, ખજાનચી માટે જીતેન્દ્રકુમાર શાહ, સાંસ્કૃતિક મંત્રી તરીકે મનોજભાઈ સરૈયા, કારોબારી સભ્યો તરીકે બી.જે. શાહ, મહેન્દ્રભાઈ શાહ અને વૃષાંગ ઠેકડી સલાહકાર તરીકે કનુભાઈ શાહ તથા મહિલા પ્રતિનિધિ માટે શીલાબહેન શાહ તેમજ મીનાબેન શાહની વરણી કરવામાં આવી હતી.

અંબાજી બેચરાજી બસ બંધ થતા વિદ્યાર્થીઓ આંદોલનની રાહે લડત આપશે

ગાંધીનગર, તા.૨

સુપ્રસિધ્ધ યાત્રાધામ બેચરાજીથી શકિતપીઠ અંબાજી ખાતે વાયા સિપોર થઈ જતી સવારના ૮.૦૦ કલાકની બસ એકાએક બંધ કરી દેવાતા રોજના અપડાઉન કરતા વિદ્યાર્થીઓ, નોકરીયાતો તેમજ અન્ય મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ બસને પુનઃ ચાલુ કરવા માટે તમામે તીવ્ર માંગ કરી છે. જો આ રૂટ ચાલુ ફરી ચાલુ નહીં કરાય તો સામુહિક સત્યાગ્રહની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

મહેસાણા જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના પૂર્વ ચેરમેન ડૉ. કાન્તિભાઈએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર અંબાજીથી સવારે ૮ કલાકે બેચરાજી વાયા સિપોર બસ વર્ષોથી આ રૂટમાં દોડતી હતી. પરંતુ અચાનક જ આ બસ સેવા બંધ કરી દેવામાં આવી છે. આ મામલે સ્થાનિક અગ્રણી દ્વારા ડેપો મેનેજર સમક્ષ પણ રજૂઆત કરવામાં આવી હતી પરંતુ આ બસ ચાલુ કરવા અંગે કોઈ નિર્ણય ન લેવાતા સ્થાનિક રહીશો અને વિદ્યાર્થીઓમાં આક્રોશ પ્રવર્ત્યો છે. અંબાજી બેચરાજી રૂટની આ બસ દસ દિવસમાં શરૂ નહિ કરવામાં આવે તો વિદ્યાર્થીઓ સત્યાગ્રહની રાહે લડત આપશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

એસ.જી. પ્રાથમિક શાળામાં 'સ્ટોરી ટેલિંગ' સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરની એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં બુધવારે સવારે 'સ્ટોરી ટેલિંગ' સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં યલો ગૃપ, ઓરેન્જ ગૃપ, રેડ ગૃપ, ગ્રીન ગૃપ અને બ્લ્યુ ગૃપના ધોરણ ૫ થી ૮નાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વાર્તા કથન કર્યું હતું.

સ્પર્ધામાં યલો ગૃપનો પ્રથમ નંબર, બીજો નંબર ગ્રીન ગૃપ તેમજ બ્લ્યુ ગૃપનો ત્રીજો નંબર આવ્યો હતો. વાર્તા કથન સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ઈન્તેખાબ શેખ અને રમેશભાઈ ગોહિલે તટસ્થ કામગીરી સંભાળી હતી અને વિજેતાનો ઉત્સાહ વધાર્યો હતો.

સઈજ ગામે દત્તબાવની પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૨

અમદાવાદના અખિલ ભારત રંગ અવધૂત પરિવાર દ્વારા આગામી તા. ૬ ડિસેમ્બરના રોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન કલોલના સઈજ ગામે સ્થિત સિધ્ધનાથ મહાદેવના મંદિર ખાતે સ્વકષ્ટાર્જિત દત્તબાવની પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. પરિવાર દર માસના પહેલા રવિવારે પાઠનું આયોજન કરે છે. આ દત્ત બાવનીના પાઠમાં ગાંધીનગરના તમામ નગરજનો તેમજ ભાવિક ભકતોને ઉપસ્થિત રહેવા પરિવારના પ્રમુખ અંબાલાલ પટેલે જણાવ્યું છે.

ધોળાકુવાના યુવાનની અદભૂત ચિત્રકળા

માત્ર ૯ ધોરણ પાસ યુવાનના ચિત્રો જોનારાઓને પ્રભાવિત કરી રહ્યાં છે : મહાત્મા ગાંધી, એમ.એફ. હુસેનના પોટ્રેટથી માંડીને મોર્ડન આર્ટ સહિતના ૧૫૦થી વધુ ચિત્રો બનાવી ચૂકયો છે : થર્મોકોલના ઉપયોગ વડે થ્રીડી ચિત્ર તૈયાર કર્યું

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના પાદરે આવેલા નાનકડા ગામ ધોળાકુવાનો આઈટીઆઈટમાં અભ્યાસ કરતો યુવાન તેની ચિત્રકળાથી ગ્રામજનો ઉપરાંત ચિત્રકળાના અભ્યાસુઓને આકર્ષી રહ્યો છે. પેઈન્ટીંગ ક્ષેત્રે વિવિધ મટીરીયલ્સના ઉપયોગ વડે ખૂબ નજીવા ખર્ચમાં તેણે અત્યાર સુધીમાં ૧૫૦થી વધુ ચિત્રો બનાવ્યા છે તથા મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન નિમિત્તે યોજાયેલ ચિત્ર સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમાંક હાંસલ કરી ચુકયો છે.

ગાંધીજી, સ્વામી વિવેકાનંદ, ભગતસિંહ, એમ.એફ. હુસેન સહિતના નામી હસ્તીના પોટ્રેટ, થર્મોકોલના ઉપયોગ વડે થ્રીડી ચિત્રો, મોર્ડન આર્ટ, કુદરતી દશ્યો વગેરે અઢળક નયનરમ્ય ચિત્રોમાં આ યુવાનની કળા ઉડીને આંખે વળગે તેવી છે. ધોળા કુવા ગામનો મહેન્દ્ર બુધાજી ઠાકોર નામનો આ યુવાન તેની કળા અને ધગશના કારણે કલાજગતમાં ડગ માંડવા તૈયાર થઈ રહ્યો છે. પ્લમ્બરની નોકરી કરતા પિતા અને ગૃહિણી માતાના ચાર સંતાનમાં સૌથી મોટો પુત્ર મહેન્દ્ર વિવિધ બેઝ જેવા કે કેનવાસ, આર્ટ પેપર, ડ્રોઈંગ શીટ, હાર્ડબોર્ડ, વુડન બોર્ડ, પ્લેટ વગેરે પર પોતાની કલાના કામણ પાથરી રહ્યો છે. ઓઈલ કલર, પોસ્ટર કલર, પેન્સિલ વર્ક, સ્કેચ વર્ક, ચારકોલ પેન્સિલ, હાર્ડ પેસ્ટલ્સ, ઓઈલ પેસ્ટલ્સ જેવા વિવિધ કલરના માધ્યમો થકી તેના ચિત્રો અવનવા આકાર પ્રાપ્ત કરી રહ્યાં છે. તે પોતાની કલ્પના શકિતના આધારે છેલ્લા બે વર્ષથી ફિંગર આર્ટ, શેડિંગ આર્ટ, ડોટસ વર્ક, ઈન્ક વર્ક વગેરે દ્વારા પ્રસંશનીય ચિત્રોને આકાર આપી રહ્યો છે.

માત્ર ૯ ચોપડી ભણેલા યુવાનને નાનપણથી ચિત્રો દોરવાનો ખુબ શોખ હતો પરંતુ તે અંગે કઈ રીતે આગળ વધવું તે માટે કોઈ દિશા જ્ઞાન નહોતું. ધોળા કુવા ગામમાં નવરાત્રિ સમયે યુવા મિત્રો દ્વારા 'ગબ્બર' બનાવવા તેની કળા ઉપયોગમાં આવવા લાગી. થર્મોકોલ કટિંગ અને ચિત્રો દોરવાની આ કલાને પોતાની અદભુત કલ્પના શકિતનો સહારો આપી યુવા મિત્રોના સહકારથી તેણે મુલાકાતીઓ જોતા જ મોંઢામાં આંગળા નાંખી જાય તેવા ગબ્બરનું નિર્માણ કર્યું. આ ગબ્બરની વાતો સાંભળી ગાંધીનગરના એક ખાનગી પ્લે સ્કૂલના શિક્ષિકા ભૂમિ જોગાણી જોવા આવ્યા ત્યારે તેઓ આ યુવાનથી પ્રભાવિત થયા. તેમણે સે-૭માં રહેતા પોતાના મિત્ર અને ફાઈન આર્ટસ શીખેલા ખ્યાતિબેન પાસે આ યુવાનને ચિત્રકળાનું ટેકનિકલ જ્ઞાન આપવા મોકલ્યો. ખ્યાતિબેને લગભગ એક વર્ષ સુધી વિના મુલ્યે આ યુવાનને ચિત્રકળા જેવા ખાસ કરીને મોર્ડન આર્ટસ અને ફાઈન આર્ટસની તાલીમ આપી. આ દરમિયાન યુવાનને તેની કળાના જોરે ગાંધીનગરની આઈટીઆઈમાં પેઈન્ટીંગના કોર્સમાં પ્રવેશ પણ મળી ગયો. માત્ર થોડાક જ સમયમાં તેણે એક પછી એક નવી નવી કૃતિઓનું સર્જન કરવાનું ચાલુ કરી દીધું અને આજે તેની પાસે ૧૫૦થી વધુ કલાકૃતિઓનો સંગ્રહ તૈયાર થઈ જવા પામ્યો છે. વળી તેની આ કળા નિખારવામાં આઈટીઆઈના આર્ટ ટીચર રાજુભાઈ શ્રીમાળીની પ્રેમસભર પ્રાપ્ત થયેલ હુંફ અને માર્ગદર્શન તેના માટે પ્રેરણારૂપ બની રહ્યું છે.

આ સાથે આ યુવાને સે-૧૧માં તલવાલકર્સ જીમ દ્વારા યોજાયેલ ડ્રોઈંગ કોમ્પીટીશન, મહાત્મા ગાંધી જયંતિ અને નિર્વાણદિને યોજાયેલ સ્વચ્છતા અભિયાન ચિત્ર સ્પર્ધા તથા આઈટીઆઈ દ્વારા યોજાયેલ ચિત્ર સ્પર્ધા વગેરેમાં પ્રથમ સ્થાન મેળવી ઈનામ સાથે પ્રમાણપત્રો પણ મેળવી ચુકયો છે. હાલ આ યુવાન પોતાની કળાને બેટી બચાવો, બેટી વધાવો અભિયાન તથા સ્વચ્છતા અભિયાનને લગતા ચિત્રો બનાવી જનજાગૃતિ આણવા પ્રયત્નો હાથ ધરવા ઉપરાંત બાળકોને ડ્રોઈંગની તાલીમ આપવા જેવી પ્રવૃત્તિઓ પણ અભ્યાસ સાથે કરી રહ્યો છે. તેના ચિત્રો જોઈ સૌ કોઈ કહી રહ્યું છે કે નક્કી એક દિવસ આ યુવાન કલાજગતમાં શહેરનું નામ ગુંજતું કરશે તેમાં બે મત નથી.

(તસવીર : કશ્યપ નિમાવત)

વસંતકુંવરબા વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર, તા.૨

સરકારી જિલ્લા પુસ્તકાલય દ્વારા રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના ભાગ રૂપે તા.૧૪-૧૧-૧૫ થી તા. ૨૦-૧૧-૧૫ દરમિયાન વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક વિભાગમાંથી વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં શ્રુતલેખન સ્પર્ધામાં તુવાર કોમલ જયેન્દ્રસિંહ (ધો-૮) પ્રથમ નંબરે વિજેતા થયા હતાં. તેમને ઈનામ અને પ્રમાણપત્ર મળ્યા હતા. શાળાના આચાર્યા રીટાબેન બિહોલાએ તેમને બિરદાવ્યા હતા અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

હરિયાળા નગરને વધુ હરિયાળું બનાવવા માટે તંત્ર કાયમ સજાગ રહે જ છે. રસ્તાની વચ્ચે આવેલ ડીવાઈડર પર ઉગાડેલ ઝાડ પાનને સમયાંતરે પાણી પીવડાવવાની કામગીરી ચાલે છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

ચિરવિદાય

- સ્વ. પદમા શ્રીવાસ્તવ, ઉ.વ. ૭૬
- સ્વ. ડૉ. મહાવીરસિંહ ધનપાલસિંહ, ઉ.વ. ૭૮
- સ્વ. મનુભાઈ નારણભાઈ વાઘેલા, ઉ.વ. ૫૫